# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-02-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ગાંધીનગર ગીફ્સીટીથી શાહપુર સુધી મેટ્રો કોરિડોર

ગાંધીનગરના ગિફ્ટ સિટીથી અમદાવાદના શાહપુર સુધીના મૅટ્રો કૉરિડોરનું વિસ્તરણ કરાશે. નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ માટે અપાયેલી મંજૂરી અંગે માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ગુજરાત મૅટ્રો રેલ નિગમ લિમિટેડનો વર્તમાન ઉત્તર-દક્ષિણ કૉરિડોર 3.33 કિલોમીટરની લંબાઈનો હશે અને તેમાં ત્રણ અદ્યતન મથક સામેલ હશે. અંદાજે એક હજાર 67 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થનારી આ પરિયોજના ચાર વર્ષમાં પૂર્ણ થવાની શક્યતા છે.

**-------------------------------------------------------------------------------------------**

## જમીન સંપાદન કે કોન્ટ્રાક્ટર કામના વિલંબ સામે કાર્યવાહી

રાજ્યમાં જમીન સંપાદન, રેલવે કે વીજ લાઈન જેવા વાજબી કારણો સિવાય કોઈ કોન્ટ્રાક્ટર કામમાં વિલંબ કરે તો તેની સામે કાર્યવાહી કરાશે. વધુમાં આવા કિસ્સામાં કૉન્ટ્રાક્ટરને દંડ કરવાથી લઈ બ્લૅકલિસ્ટ કરવા સુધીની જોગવાઈ પણ કરવામાં આવી છે. વિધાનસભા ગૃહમાં માર્ગ અને મકાન વિભાગની માહિતી આપતા મંત્રી ઋષિકેશ પટેલે આ વાત કહી.

**-------------------------------------------------------------------------------------------**

## GPSC દ્વારા આગામી 10 વર્ષમાં 2 લાખ, 10 હજારથી વધુ જગ્યા પર ભરતી

ગુજરાત જાહેર સેવા આયોગ – **GPSC** દ્વારા આગામી 10 વર્ષમાં બે લાખ 10 હજારથી વધુ જગ્યા પર સીધી ભરતી કરાશે. ગુજરાત વિધાનસભા ગૃહમાં ભરતી અંગે પૂછાયેલા એક પ્રશ્નનો જવાબ આપતા મંત્રી ઇશ્વરસિંહ પટેલે આ માહિતી આપી. તેમણે કહ્યું, ગત 2 વર્ષમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા **GPSC**ને વર્ગ એક અને બેની કુલ 306 જગ્યા માટે માગણાપત્રક મોકલાયા છે. તેમાં વર્ષ 2024માં 73 અને વર્ષ 2025માં 233 જગ્યાનો સમાવેશ થાય છે.

---------------------------------------------------------------------------------------

## <u>ગાંધીધામ મહાનગરપાલિકાના વોર્ડોના સીમાંકન બેઠક ફાળવણી</u>

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગાંધીધામ મહાનગરપાલિકાની આગામી ચૂંટણી માટે વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ જારી કરી દેવામાં આવ્યો છે. જાન્યુઆરીમાં પ્રસિદ્ધ કરાયેલા પ્રાથમિક જાહેરનામા પર આવેલા સૂચનો અને રાજકીય પક્ષો સાથેની બેઠક બાદ આ નિર્ણય લેવાયો છે. આયોગના જણાવ્યા અનુસાર, વર્ષ 2011ની વસ્તી ગણતરીના આંકડાઓને આધારે શહેરના કુલ 13 વોર્ડની રચના કરવામાં આવી છે. જેમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગોની વસ્તીની ટકાવારી મુજબ બેઠકોની ફાળવણી નક્કી કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## <u>ખનિજ વિભાગ દ્વારા 2 કરોડ 85 લાખનો મુદ્દામાલ ઝડપાયો</u>

**જિલ્લામાં સક્રિય બનેલા ખનિજ તંત્રે છેલ્લા ચાર દિવસમાં કુલ 2 કરોડ 85 લાખ રૂ.નો મુદ્દામાલ સાથે ખનિજચોરી ઝડપી પાડી છે. આ કામગીરી અંતર્ગત ભુજ તાલુકાના નાગોર, અંજાર અને મુન્દ્રા તાલુકાના કપાયા ખાતેથી ગેરકાયદે ખનિજચોરી અને પાંચ ડમ્પર, એક લોડર મળી 1 કરોડ 15 લાખ રૂ.નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો તો પૂર્વ કચ્છ ખનિજ તંત્ર દ્વારા કરાયેલી કામગીરીમાં મુન્દ્રા અને અંજાર તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી બ્લેકટ્રેપ અને રેતીનું ખન્ન કરતા વાહનો સહિત બે કરોડ રૂ.નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.**

---------------------------------------------------------------------------------------

# પૂર્વ કચ્છ નેત્રમ ચોથીવાર રાજ્યમાં પ્રથમ

**સીટીવીવી કેમેરાની મદદથી ગુનાઓના ભેદ ઉકેલવામાં પૂર્વ કચ્છ નેત્રમ ફરી રાજ્યમાં પ્રથમસ્થાને રહ્યું છે. સતત ચોથી વખત ગુના શોધવામાં પ્રથમ આવનાર ગાંધીધામ નેત્રમને રાજ્ય પોલીસ વડાના હસ્તે  એવોર્ડ એનાયત કરાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીધામ માર્ગો પર અકસ્માત તેમજ ગુનાખોરીનો ગ્રાફ નીચે લાવવા વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત સીસીટીવી કેમેરા આધારિત ઇન્ટીગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે જે શહેરની સુરક્ષા વધારવાનું અને માર્ગો પર ટ્રાફિક નિયમન અને કાયદો વ્યવસ્થાનું પાલન કરે છે. આ સીસીટીવી કેમેરાની મદદથી જ પૂર્વ કચ્છ પોલીસને ગુનાઓ શોધવામાં સફળતા મળી છે.**

**-------------------------------------------------------------------------------------------**

## ક્રિકેટ

ટી 20 વિશ્વકપની સુપર આઠની સ્પર્ધામાં ઈંગ્લેન્ડની ટીમે પાકિસ્તાનને બે વિકેટે હરાવી સેમીફાઇનલ મેચમાં પ્રવેશ કર્યો છે. શ્રીલંકાના પલ્લકલી ખાતેની મેચમાં પાકિસ્તાને 9 વિકેટના ભોગે 164 રન કર્યા હતા. ઇંગ્લેન્ડની ટીમે આઠ વિકેટ ગુમાવી 166 રન કરી મેચ જીતી લીધી હતી. સુકાની હેરી બ્રુકે સદી નોંધાવી હતી.

**-------------------------------------------------------------------------------------------**

## હવામાન

હવામાન વિભાગની આગાહી અનુસાર ગુજરાત પર બે અલગ-અલગ સિસ્ટમ સક્રિય થઈ હોવાના કારણે કચ્છ સહિત રાજ્યના વિવિધ ભાગોમાં કમોસમી વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. મોસમ વિભાગના જણાવ્યા અનુસાર કચ્છ સહિત સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડી શકે છે. દરમિયાન ગઇકાલે જિલ્લાના અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું. જેના કારણે લોકોને ગરમીથી આંશિક રાહત મળી છે. આજથી રાજ્યમાં હવામાન પલટાશે અને વાતાવરણ મુખ્યત્વે શુષ્ક રહેવાની શક્યતા છે.